॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૧૧ જાન્યુઆરી ૨૦૨૬** **મહિલા મંડળ** **કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**
**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

## શ્રેણી – ૨૨

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER YES/NO | |
| SANGH NAME | | SUPARVISOR SIGN | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(૧૫)

**પ્ર.૧ (અ) સામાયિક–પ્રતિક્રમણના આધારે જવાબ લખો.** **(૭)**

**(૧) નીચેના શબ્દના અર્થ લખી કયા પાઠમાં આવે છે? તે લખો.** **(૪)**

૧. પરિયાવિયા **પરિતાપ પીડા ઉપજાવી હોય** **સામાયિકના ત્રીજા પાઠમાં**

૨. ભોયણા ઉ **ભોજન સંબંધી અને** **સાતમા વ્રતમાં**

૩. ઉસભાઈ **ઋષભદેવથી** **પાંચમા શ્રમણસૂત્રમાં**

૪. કુઈએ **અયત્નાથી ખાંસી–ઉધરસ ખાવાથી** **પહેલા શ્રમણસૂત્રમાં**

**(૨) પાઠપૂર્તિ કરો.** **(૩)**

૧. ભાવણાહિં **છવ્વીસાએ દસા કપ્પ વવહારાણં ઉદ્દેસણ કાલેહિં સત્તાવીસાએ અણગાર ગુણેહિં અટ્ઠા વીસાએ આયારપ્પ** કપ્પેહિં

**(આ) આવશ્યક સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.** **(૮)**

૧. ચોથા આવશ્યકનો અર્થાધિકાર શું છે? **સ્ખલિત દોષોની નિંદા.**

૨. શુદ્ધિ એટલે શું? **મલિનતાનો નાશ કરી નિર્મળતાને પ્રાપ્ત કરવી.**

૩. બીજાની સામે પોતાની ભૂલ પ્રગટ કરવામાં ...... અને ...... થાય છે. **માનહાનિ, પ્રતિષ્ઠાભંગ.**

૪. કયા સૂત્રમાં આવશ્યકના અર્થાધિકારનું કથન છે? એક શબ્દમાં લખો. **અનુયોગદ્વાર સૂત્ર.**

૫. આવશ્યકના પહેલા ત્રણ નામ લખો. **૧) આવશ્યક ૨) અવશ્યકરણીય ૩) ધ્રુવનિગ્રહ.**

૬. જીવ શેના લક્ષે સાવદ્યયોગનો ત્યાગ કરે છે? **સહુ પ્રથમ અખંડ સમભાવની પ્રાપ્તિના લક્ષે.**

૭. સાધક કાયોત્સર્ગ કરી શું પ્રાપ્ત કરે છે? ત્રણ શબ્દમાં લખો. **ચિત્તશુદ્ધિ, એકાગ્રતા, આત્મબળ.**

૮. ભાવ આવશ્યકમાં સાધક ચિત્તવૃત્તિ શેના તરફ કેન્દ્રિત કરે છે? **સંસારથી હટાવી મોક્ષ તરફ.**

(૧૦)

**પ્ર.૨ સૂયગડાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો.**

૧. બ્રહ્મના જ અંશ કયા પદાર્થો છે? **ચૈતન્યવંત, જડ**

૨. રૂપસ્કંધ જ શરીરરૂપે પરિણત થાય ત્યારે શેને પ્રાપ્ત કરે છે? **જીવસંજ્ઞા, આત્મસંજ્ઞા**

૩. કયા પદાર્થમાં મૂર્ચ્છિત થવાનું નથી? **સચેત, અચેત**

૪. આત્માનું શું થતું નથી? **ઉત્પત્તિ, વિનાશ**

૫. આત્મા કેવો છે? **શાશ્વત, નિત્ય**

૬. જગત કેવું છે? **ચર, અચર**

૭. સાધકોએ પદાર્થનું શું છોડવાનું છે? **મૂર્ચ્છા, આસક્તિ**

૮. સંસારી જીવો કયા મલિન ભાવોથી કર્મ બાંધે છે? **રાગ, દ્વેષ**

૯. આ અધ્યયનમાં કયા સિદ્ધાંત છે? **સ્વસિદ્ધાંત, પરસિદ્ધાંત**

૧૦. સાંખ્યદર્શન આત્માને કેવો માને છે? **સર્વવ્યાપી, નિષ્ક્રિય**

(૧૦)

**પ્ર.૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.**

૧. વ્યાખ્યા લખો. આદાન ભય, શબ્દ નય, ચક્રવાલ, રત્ન (૪)

આદાન ભય : **સંપત્તિ આદિના અપહરણ, ચોરીનો ભય.**

શબ્દ નય : **અર્થને ગૌણ કરીને શબ્દને જ પ્રધાનતા આપે.**

ચક્રવાલ : **ચક્રની જેમ વલયાકાર શ્રેણી.**

રત્ન : **રત્નો પોતપોતાની જાતિમાં સર્વોત્કૃષ્ટ સંપદાવાન અને દેવાધિષ્ઠિત હોય છે.**

૨. અર્થ નયના નામ લખો. **નૈગમ નય, સંગ્રહ નય, વ્યવહાર નય, ઋજુસૂત્ર નય.** (૨×૨)

૩. પહેલા ચાર વર્ષધર પર્વતના નામ લખો. **ચુલ્લહિમવંત, મહાહિમવંત, નિષધ, નીલવંત.**

૪. ભરત ચક્રવર્તીના સમયમાં નીતિ કઈ નિધિથી શરૂ થઈ? એક શબ્દમાં લખો. **માણવક** (૧×૨)

૫. સાત વર્ષમાંથી કર્મભૂમિ અને અકર્મભૂમિના સાથે હોય તેવા ક્ષેત્રના નામ લખો.

**ભરત, ઐરવત**

(૧૫)

**પ્ર. ૪ (અ) ભગવતી સૂત્રના આધારે ખાલી જગ્યા પૂરો.** **(૧૦)**

૧. આ લોકમાં ...... સમુદ્ર પર્યંત અસંખ્યાત ......–...... છે. **સ્વયંભૂરમણ, દ્વીપ, સમુદ્ર**

૨. શિવ રાજર્ષિને ...... કર્મોના ...... થી ...... નામનું ...... ઉત્પન્ન થયું.

**તદાવરણીય, ક્ષયોપશમ, વિભંગ, અજ્ઞાન**

૩. ઉદ્યાન સર્વ ...... ઓના ...... અને ...... થી સમૃદ્ધ હતું. **ઋતુ, પુષ્પ, ફળો**

૪. ભગવાન મહાવીર પાસે જઈને ......–...... કરી, તેમની ...... કરું.. **વંદન, નમસ્કાર, પર્યુપાસના**

૫. પરિષદ અર્થ સાંભળીને ...... અને ...... થઈ. **હર્ષિત, સંતુષ્ટ**

૬. તાપસોચિત ઉપકરણો ......, ......, ...... છે. **લોઢી, કડાઈ, કડછી**

૭. ઝૂંપડીમાં આવીને ...... અને ...... લઈ પૂર્વદિશાની પૂજા કરી. **છાબડી, કાવડ**

**(આ) જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે મને ઓળખો.** **(૫)**

૧. ભારે બનેલો જીવ શેમાં ડૂબી જાય છે? **સંસાર સાગર**

૨. કયા દૃષ્ટાંતથી જીવનું ભારેપણું અને હળવાપણું સિદ્ધ કર્યું છે? **તુંબડા**

૩. હું ભગવાનનો જ્યેષ્ઠ અંતેવાસી શિષ્ય છું. **ઈન્દ્રભૂતિ**

૪ . અમારા દ્વારા કર્મક્ષયનો પુરુષાર્થ થાય છે. **સંયમ, તપ**

૫. હું રાજગૃહ નગરનું ઉદ્યાન છું. **ગુણશીલ**

(૫)

**પ્ર. ૫ નિરયાવલિકા (વૃષ્ણિદશા) સૂત્રના આધારે નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો.**

૧. નિષધ કુમારના લગ્ન ૩૨ કન્યાઓ સાથે થયા. **ખોટું. વરદત્તના લગ્ન ૫૦ કન્યાઓ સાથે થયા.**

૨. સિદ્ધાર્થ નામના આચાર્ય બહુશ્રુત હતા. **સાચું.**

૩. નિષધ અણગારે ૧૪ વર્ષ સુધી સંયમનું પાલન કર્યું. **ખોટું. નિષધ અણગારે ૯ વર્ષ સુધી સંયમનું પાલન કર્યું.**

૪. મણિદત્ત યક્ષનું યક્ષાતન દ્વારિકા નગરમાં હતું. **ખોટું. મણિદત્ત યક્ષનું યક્ષાતન રોહિતક નગરમાં હતું.**

૫. આ અધ્યયનમાં અધ્યાત્મિક વાત છે. **ખોટું. આ અધ્યયનમાં ધાર્મિક, માર્મિક વાતો છે.**

(૧૫)

**પ્ર.૬ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૨)**

૧. વેયા **અહીયા ણ હવંતિ તાણં, ભુત્તા દિયા ણિંતિ તમં તમેણં ।**

**જાયા ય પુત્તા ણ હવંતિ તાણં, કો ણામ તે અણુમણ્ણેજ્જ** એયં ॥

**અર્થ : પુત્રોએ કહ્યું, વેદો ભણી જવા માત્રથી અર્થાત્ પાપોનો ત્યાગ કર્યા વિના તે આત્મરક્ષક થઈ શક્તા નથી. બ્રાહ્મણોને ભોજન કરાવવાથી અને તેની સંગતિ કરવાથી તે વધારે અજ્ઞાન દશામાં લઈ જાય છે. જન્મેલા પુત્ર પણ કંઈ પાપકર્મના ફળ ભોગવવામાં આશ્રયરૂપ થતા નથી, તેથી હે પિતાજી ! તમારા કથનનું અનુમોદન કોણ કરશે? કોણ સ્વીકારશે?**

૨. જહા ય **ભોઈ તણુયં ભુયંગો, નિમ્મોયણિં હિચ્ચ પલેઈ મુત્તો ।**

**એમેએ જાયા પયહંતિ ભોએ, તં હં કહં ણાણુગમિસ્સ** મેક્કો ॥

**અર્થ : હે ભગવાન ! જેમ સર્પ શરીરની કાંચળી ઉતારી નિરપેક્ષભાવે આગળ ચાલ્યો જાય છે, તેમ આ બે તરુણ પુત્રો ભોગોને છોડી દીક્ષિત થાય છે, તો હું એકલો રહીને શું કરું? હું શા માટે તેમને ન અનુસરું?**

૩. એગઓ **સંવસિત્તાણં, દુહઓ સમ્મત્ત સંજુઓ ।**

**પચ્છા જાયા ગમિસ્સામો, ભિક્ખમાણા કુલે** કુલે ॥

**અર્થ : હે પુત્રો! પહેલા આપણે બધા એટલે તમે બંને તથા અમે બંને થોડો વખત સાથે રહીને ધર્મની શ્રદ્ધા સાથે ગૃહસ્થધર્મનું, શ્રાવક વ્રતોનું પાલન કરીએ અને પછી પાછલી ઉંમરે દીક્ષિત થઈ જુદા જુદા ઘરેથી ભિક્ષાચર્યા કરીને સંયમમાં વિચરણ કરશું.**

૪. કેણ **અબ્ભાહઓ લોગો, કેણ વા પરિવારિઓ ।**

**કા વા અમોહા વુત્તા, જાયા ચિંતાવરો** હુ મે ॥

**અર્થ : પિતા : હે પુત્રો ! આ લોક કોનાથી પીડિત થઈ રહ્યો છે? કોનાથી ઘેરાયેલો છે? અમોઘ શસ્ત્રધારા કઈ છે? આ જાણવા માટે હું ચિંતિત થઈ રહ્યો છું અર્થાત્ તમે આવી ગૂઢ વાતો શું કરો છો?**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો.** **(૩)**

૧. પુરોહિતપુત્રો કયા કામભોગથી અનાસક્ત થઈ ગયા? **મનુષ્ય, દેવસંબંધી**

૨. દૂધમાં અને તલમાં શું નથી દેખાતું? **ઘી, તેલ**

૩. સર્વ કામભોગોને છોડીને શું થવાનું છે? **નિરામિષ, નિરાસક્ત**

**(૨૦)**

**પ્ર. ૭ પન્નવણા સૂત્રના આધારે જવાબ લખો.**

**(અ) દ્રવ્યેન્દ્રિયના આધારે નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.** **(૧૦)**

**૧. એક જીવ અપેક્ષા અને અનેક જીવ અપેક્ષા ખિસકોલી, શિલા, દાડમ, જુગલિયાની ભૂત–ભવિષ્ય–વર્તમાનની દ્રવ્યેન્દ્રિય લખો.** **(૮)**

| એક જીવ અપેક્ષા | ભૂત | વર્તમાન | ભવિષ્ય |
|---|---|---|---|
| ખિસકોલી | અનંત | ૮ | ૮, ૯, ૧૬, સંખ્યાત, અસંખ્યાત, અનંત |
| શિલા | અનંત | ૮ | ૮, ૧૬, ૧૭, સંખ્યાત, અસંખ્યાત, અનંત |
| દાડમ | અનંત | ૧ | ૮, ૯, ૧૦, સંખ્યાત, અસંખ્યાત, અનંત |
| જુગલિયા | અનંત | ૮ | ૧૬, ૧૭, ૧૮ સંખ્યાત, અસંખ્યાત, અનંત |

| અનેક જીવ અપેક્ષા | ભૂત | વર્તમાન | ભવિષ્ય |
|---|---|---|---|
| ખિસકોલી | અનંત | અસંખ્યાત | અનંત |
| શિલા | અનંત | અસંખ્યાત | અનંત |
| દાડમ | અનંત | અસંખ્યાત | અનંત |
| જુગલિયા | અનંત | સંખ્યાત | અનંત |

૨. રાક્ષસ ૯ દ્રવ્યેન્દ્રિયો કેવી રીતે કરે છે? (૧×૨)

**રાક્ષસ મરીને એકેન્દ્રિયનો એક ભવ કરી, ત્યારપછી મનુષ્ય ભવ પ્રાપ્ત કરીને સિદ્ધ થાય ૧+૮=૯.**

૩. ભવિષ્યની ઈન્દ્રિયોની ગણના કેવી રીતે થાય છે?

**જે દંડકના જીવ ભવિષ્યમાં જેટલા ભવ કરીને મોક્ષે જવાના હોય તે પ્રમાણે ભવિષ્યની ઈન્દ્રિયોની ગણના થાય છે.**

**(આ) ભાવેન્દ્રિયના આધારે નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો. (૧૦)**

૧. એક જીવ અપેક્ષા અને અનેક જીવ અપેક્ષા માટલા, ગેંડા, ભદ્દેની ભૂત–ભવિષ્ય–વર્તમાનની ભાવેન્દ્રિય લખો. (૬)

| એક જીવ અપેક્ષા | ભૂત | વર્તમાન | ભવિષ્ય |
|---|---|---|---|
| માટલા | અનંત | ૩ | ૬, ૭ સંખ્યાત, અસંખ્યાત, અનંત |
| ગેંડા | અનંત | ૫ | ૫, ૬, ૭, સંખ્યાત, અસંખ્યાત, અનંત |
| ભદ્દે | અનંત | ૫ | ૫,૧૦ સંખ્યાત, અસંખ્યાત, અનંત |

| અનેક જીવ અપેક્ષા | ભૂત | વર્તમાન | ભવિષ્ય |
|---|---|---|---|
| માટલા | અનંત | અસંખ્યાત | અનંત |
| ગેંડા | અનંત | અસંખ્યાત | અનંત |
| ભદ્દે | અનંત | અસંખ્યાત | અનંત |

૨. સંખ્યાત ભાવેન્દ્રિય ક્યાં થાય છે? એક શબ્દમાં લખો. **સર્વાર્થસિદ્ધ મહાવિમાન.** (૧×૪)

૩. પ્રત્યેક જીવની ભાવેન્દ્રિય કેવી હોય છે? **પૃથક્-પૃથક્.**

૪. ભાવેન્દ્રિયનો ચોથો આલાપક લખો.

**૨૪ દંડકના અનેક જીવોની ૨૪ દંડકમાં ત્રૈકાલિક ભાવેન્દ્રિયો.**

૫. ઈયળનો જીવ સાત ભાવેન્દ્રિય કેવી રીતે કરે?

**ઈયળનો જીવ એક એકેન્દ્રિયના ભવ કરીને, પછી પાછો એક ભવ એકેન્દ્રિય ભવ કરીને, પછી મનુષ્યનો ભવ કરી મોક્ષે જાય.**

(૧૦)

**પ્ર. ૮ (૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૨)**

૧. અવધિદર્શન કોને હોય? બે શબ્દમાં લખો. **સમકિતી, મિથ્યાત્વી**

૨. મિશ્ર યોગ કોને કોને હોય? તે સમજાવીને લખો.

**દરેક ગતિમાં અપર્યાપ્તામાં નિયમા હોય. પર્યાપતામાં વૈક્રિય કે આહારક શરીરવાળામાં હોય.**

**(૨) કોઠો બનાવીને માર્ગણા લખો.** **(૮)**

| માર્ગણા | ના. | તિ. | મનુ. | દેવ | કુલ ભેદ |
|---|---|---|---|---|---|
| ૧. ધાતકીખંડ ત્રસમાં | ૦ | ૨૬ | ૫૪ | ૦ | ૮૦ |
| ૨. અધોલોક કૃષ્ણલેશી બાદરમાં | ૬ | ૩૮ | ૩ | ૫૦ | ૯૭ |
| ૨. ઊર્ધ્વલોક એકાંત નપુંસકમાં | ૦ | ૩૬ | ૦ | ૦ | ૩૬ |
| ૪. શુક્લલેશી જીવોમાં | ૦ | ૧૦ | ૩૦ | ૪૪ | ૮૪ |
| ૫. ઘ્રાણેન્દ્રિય મિશ્ર યોગ શાશ્વતામાં | ૭ | ૧૨ | ૧૫ | ૮૫ | ૧૧૯ |
| ૬. ત્રસ નોગર્ભજ એકાત મિથ્યાત્વીમાં | ૧ | ૮ | ૧૦૧ | ૩૬ | ૧૪૬ |
| ૭. ઉર્ધ્વલોક પ્રત્યેક શરીરમાં | ૦ | ૪૨ | ૦ | ૭૬ | ૧૧૮ |
| ૮. ત્રણ શરીરી ઔદારિક શાશ્વતામાં | ૦ | ૩૭ | ૮૬ | ૦ | ૧૨૩ |

**જય – જિનેન્દ્ર**


- ❋ **PLEASE CONATACT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.**
- ❋ **NEXT CLASS STARTS FEBRUARY 2ND/3RD MONDAY AND TUESDAY.**
- ❋ **TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914.**
- ❋ **FOR BOOKS AND EXAM REGISTRATION.**